





પાંચ વર્ષ સૂતા રહ્યા, આવી કતલની રાત છે,
'બેઠક'ની કયાંક ટિકીટની લાત-લાત છે,
ભાત છે પ્રચારની, ઉત્સવો, યાત્રાઓ ને મેળા -
હિંદુત્વ ભૂલાઇ ગયું, હવે વિકાસની વાત છે..

ચરણ સ્પર્શી
ને આદેશ-પાલક
એ જ યોગ્યતા..
(શ્રેષ્ઠ કુલપતિ..)

કર્યું તે રદ્દ -
ને એણે ન કર્યું ઇ
અમે કરશું..!
(કોંગીનો એક જ મુદ્દો)




## ચિંતન

**યસ્ય ક્ષેત્રં નદી તીરે ભાર્યા વાપિ પર પ્રિયા ।**
**પુત્રસ્ય વિનયો નાસ્તિ મૃત્યુરેવ ન સંશયઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :

'જેનું રહેઠાણ કે ખેતર નદીના કાંઠા પર જ હોય, જેની પત્ની પર પુરૂષ પ્રત્યે પ્રેમ રાખનારી હોય, અને જેનો પુત્ર અવિનયી હોય, આવી પરિસ્થિતિમાં જીવતો પુરૂષ-નું જીવતર મૃત્યુ તુલ્ય જ છે.'

સામાન્ય નદી કાંઠે રહેવું, બંગલો-મકાન કે ઘર-ખેતર હોવું એ સૌંદર્યની દ્રષ્ટિએ સુંદર અને ભાગ્યશાળી માનવામાં આવે છે, પણ એ એટલું જ ભયજનક છે. હંમેશાં ખાલી રહેતી કે કયારેય બે કાંઠાની મર્યાદા ન મૂકતી નદીમાં પણ કયારેક તો અમર્યાદ પૂર આવે જ છે અને ઘર-ખેતરનો નાશ થઇ જાય છે, એટલે મૃત્યુ કાંઠે રહેવા જેવું જ છે.

જે સ્ત્રી અવિશ્વાસુ, બેવફા છે તે વિષયાશક્તિમાં અંધ બની કયારેક પોતાના પ્રેમી સાથે મળી મર્યાદાનું ઉલ્લંઘન કરી પતિનું કાસળ કાઢી નાખે છે, પતિની જીવાદોરી પત્ની જ હોય છે, આમ બેવફા સ્ત્રી એ મૃત્યુનો ઘાટ જ છે.

અવિનયી પુત્ર કયારે સમાજમાં - ઘરમાં અન્ય લોકોની રૂબરૂમાં વડીલોનું અપમાન કરી સામા જવાબ આપી વડીલનું 'નીચાજોણું' કરી નાખે એ કંઇ જ કહેવાય નહીં, આવી સ્થિતિમાં જીવવું એ મૃત્યુ સમાન જ છે.

## સુવિચાર

- જ્ઞાન દ્વારા સમસ્ત જગતમાં પોતાના મનને વ્યાપ્ત કરવું, કર્મ દ્વારા સમસ્ત જગતમાં પોતાની શક્તિને વ્યાપ્ત કરવી અને સૌંદર્ય બોધ દ્વારા સમસ્ત જગતમાં પોતાના આનંદને વ્યક્ત કરવો એ જ માનવતાનું લક્ષ્ય છે **- ટાગોર**
- સંસારની તમામ ઉપલબ્ધિઓમાં 'શિક્ષણ' એ શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે **- નિરાલા**
- દુ:ખના વલોણાંથી મંથન કર્યા પછી જ આનંદ રૂપી અમૃતની પ્રાપ્તિ થાય **- પરાસર**
- નમ્રતા, પાષાણને પણ મીણ જેવું નરમ બનાવી દે **- પ્રેમચંદજી**
- જયાં, વિદ્યાની સેવા, તપનો સત્કાર અને સત્યનું શાસન નથી ત્યાં ધર્મ નથી **- કનૈયાલાલ મુન્શી**
- જે કાર્ય કરવા શક્તિમાન છે એ લોકો તો કહ્યા વિના જે દખાય તે કામ કરે જ છે પણ જેને કામ કરવું જ નથી એ ખાલી શિખામણ-સૂચનાઓ જ આપે છે **- બર્નાડ શો**
- પશ્ચાતાપ હૃદયની વેદના છે અને નિર્મળ જીવનનો ઉદય **- શેક્સપિયર**

## બોધ કથા

સ્વામી વિવેકાનંદ ભારતયાત્રા કરતા હતા, ત્યારે ભરબપોરે એક ચમારની ઝૂંપડી પાસેથી પસાર થયા, ચમાર છાંયડે બેસી જોડાં બનાવવાનું કામ કરતો હતો.

સ્વામીજી તેની પાસે ગયા અને કહ્યું, ભાઇ, મને તરસ લાગી છે, પાણી આપશો? ચમાર ભગવાં વસ્ત્રધારી આ દિવ્ય જણાતા સાધુ તરફ એકીટસે જોઇ રહ્યો. 'હા કે ના'નો જવાબ આપ્યા વિના મૂંઝવણમાં હતો.

સ્વામી વિવેકાનંદે તેણે ટાંકતાં કહ્યું, ભાઇ તમારાથી પાણી આપી ન શકાય તો હું આગળ જાઉં!

ચમાર કહે, બાબા, મને પાણી આપવામાં તો કંઇ વાંધો નથી પણ અમે અછૂત છીએ, શું મારૂં પાણી આપને ખપ લાગશે?

સ્વામીજી કહે ભાઇ! આ ધરતી પર બધા જ આત્મા સમાન છે કોઇ નાનો કે મોટો નથી, કોઇ અછૂત નથી, આપણે બધાં પરમપિતાના એક સંતાન જ છીએ, હવે હું તમારું માત્ર પાણી જ નહીં, પણ મને ભૂખ પણ લાગી છે, તમારું ભોજન પણ લઇશ!

પેલા ચમારે ખૂબ જ આનંદ પૂર્વક સ્વામીજીને જમાડ્યા અને પાણી પણ આપ્યું.

# સ્ત્રી પોતે એક સ્ત્રી તરીકે તો કયારેક પોતાની ઓળખ બનાવી જ શકતી નથી, તે બચપણમાં પિતાના આશ્રયે રહે છે, યુવાનીમાં પતિની થઇને રહેવાની કોશિષ કરે છે અને ઘડપણમાં દીકરાને આશરે જીવી જવા પ્રયાસ કરે છે

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

'હાય રે... મારી દીકરી બેટા તેં આવું શું કામ કર્યું.' જોર જોરથી ઠુંકવો મુકી રડતાં અનસુયાબેન છાનાં રહેતાં ન હતા ત્યારે તેની નણંદ અલકાએ તેમને સાંત્વન આપતાં કહ્યું, 'ભાભી શાંત થાવ જે થવાનું હતું તે થઇ ગયું તમે જરા હિંમત રાખો...'

'શું ધૂળ હિંમત રાખું આ તમારાભાઇએ જ મારી દીકરીનો જીવ લીધો છે. રાક્ષસ છે રાક્ષસ... કયાં મારા નસીબ ફૂટેલાં કે...'

'ભાભી એમાં અમરતભાઇ શું કરે, એમણે તો દીકરીનું હિત જોયેલું.'

'કપાળ હિત જોયેલું, એ કાળ મુખાનાં પ્રતાપે જ આજે મારે મારી ફૂલ જેવી હસતી રમતી દીકરીને ખોવાનો વારો આવ્યો છે.'

'ભાભી તમે ભાઇને દોષ દો એ બરાબર નથી લ્યો પાણી પીઓ' પાણીનો ગ્લાસ સામે ધરતાં અલકાએ કહ્યું, અનુસયા એ એક ઘૂંટડો પાણી પીધું, સાડીના છેડાથી આંસુ લૂછ્યાં, સાંત્વના મળવાથી મન જરા શાંત થયું પણ અંદરથી માંનુ હૃદય બળતું હતું.

'અલકાબેન તમે નહીં માનો પણ મેં એમને ઘણીવાર વારવાની કોશિષ કરી. પણ એ માન્યા જ નહીં અને છેવટે જે નહોતું થવું જોઇતું તે થઇને જ રહ્યું.' તમને તો ખબર છે કે કેવો જીદ્દી એનો સ્વભાવ છે. બાકી જમાઇ તો લાખનું માણસ હતા. તેના સાસરીયાં પણ બધાં ખુબ જ ભણેલાં ને સંસ્કારી, મારી એની ને દીકરી કરતાંય વધુ સારી રીતે રાખતાં હતા... કોઇ વાતો ઓછું આવવા દે એવાં ન હતા.

'તમારી વાત સાચી છે. મેં પણ એવું જ સાંભળેલું, મોટાભાઇએ એની માટે અહીં ફ્લૅટ ખરીદેલો ખરી વાત?'

'એ ફ્લૅટની મોંકાણમાં જ મારે મારી દીકરી ખોવી પડી છે, શું જરૂર હતી એવું કરવાની.'

'એ તો દીકરીનું ભલું જ ઇચ્છતા હતા.'

'અલકા તું તારા ભાઇનું ઉપરાણું જરાય ન લેતી હોં નહીં તો મારા જેવી ભૂંડી બીજી કોઇ નહીં હોય.'

'ભાભી એમાં ઉપરાણું લેવાની વાત જ કયાં છે. એની એ અમેરિકામાં તેના સાસરીયાંમાં આપઘાત કર્યો તેનો દોષ તમે ભાઇને કઇ રીતે દો છો એ જ મને તો સમજાતું નથી.'

**...પણ ભાભી એની એવી નહોતી, મારે ઘણી વખત ફોન પર તેની સાથે વાત થતી, પણ એ બિચારી બે સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચે ભીંસાઇને મરી ગઇ**

'તને એ નહીં સમજાય પણ મને બરાબર સમજાય છે કારણ કે, તારા ભાઇની સાથે મેં ત્રીસ વર્ષ કાઢ્યાં છે, એને માણસના સંબંધો, સંવેદના કે લાગણી કરતાં પોતાના સ્વાર્થ અને પૈસાનું જ વધુ મહત્ત્વ છે, નહીં તો આવું બન્યું જ હોત.'

'પણ ભાઇએ એવું ને શું કર્યું?'

'શું થી કર્યું એ કહે, દીકરીને ભણાવી ગણાવી મોટો ખર્ચો કરી પરણાવી પછી તેનું વળતર મેળવવાની તેમણે કોશિષ કરી.'

'ભાભી તમારી કોઇ વાત મને સમજાતી નથી જરા ફોળ પાળીને વાત કરો તો ખબર પડે.'

'અલકા તું કયાં પારકી છો, તને કહેવામાં શું વાંધો હોય, તું તો આ ઘરની દીકરી. અલકા કહેતાં મારો જીવ કપાઇ જાય છે. અયના ભણતી ત્યારે એ રોજ તેને ટોક ટોક કરતાં, પોતાનું સાયન્સ અને એન્જિનીયરીંગનું જ્ઞાન કેટલું છે તે તેને બતાવવાનો પ્રયત્ન કરતાં રહેતા. કયારેય તેમને લાગણીથી દીકરીને માથે હાથ મુકી વ્હાલ કર્યું હોય એવું મારા ધ્યાનમાં નથી. હાં, હવે એ દુનિયાભરની દીકરીઓને કઇ રીતે બચાવવી જોઇએ, રાખવી જોઇએ એવી સુફીયાણી સલાહ આવતી કોક ચોપડી લખે છે એવું મને કહેતા હતા.'

'ભાભી પાણી માથા ઉપરથી વહી ગયા પછી હવે એ બધું શું કામનું?'

'આ તો એમનું રાડ્યાં પછીનું ડહાપણ છે બાકી પહેલેથી સમાજના રીતીરિવાજ અને વહેવારને સમજ્યા હોત તો આવું બનત નહીં.'

'હાં, ભાભી તમારી વાત સાચી છે, આપણી સ્ત્રીને જાતે કયારેક દીકરી, કયારેક બહેન, કોઇકની પત્ની તો કોઇકની માં થઇને જીવવાનું હોય છે, સ્ત્રી પોતે એક સ્ત્રી તરીકે તો કયારેક પોતાની ઓળખ બનાવી જ શકતી નથી. તે બચપણમાં પિતાના આશ્રયે રહે છે. યુવાનીમાં પતિની થઇને રહેવાની કોશિષ કરે છે અને ઘડપણમાં દીકરાને આશરે જીવી જવા પ્રયાસ કરે છે. 'દરેક સ્ત્રીએ જીવનમાં કેટકેટલું સહન કરવું પડે છે.'

'અલકા તારી વાત સાચી છે. મારી એની ખુબ જ સહનશીલ હતી. તેના પપ્પા તેને જેમ કહે તેમ કરતી. પણ કયારેક સ્ત્રીએ પોતાની બુધ્ધિ અને સમજણથી પોતાના જીવનના નિર્ણયો લેવા જોઇએ. તે શીખી લેવું જોઇએ. પતિ હોય કે પિતા તેના દબાણમાં આવીને કોઇ નિર્ણય લેતાં પહેલાં વિચારવું જોઇએ પણ આપણે ભારતીય સ્ત્રીઓ સંસ્કાર અને સમાજના ડરથી ગોંધાઇને રહી જોઇએ છીએ.'

'પણ ભાભી એની એવી નહોતી. મારે ઘણી વખત ફોન પર તેની સાથે વાત થતી, પણ એ બિચારી બે સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચે ભીંસાઇને મરી ગઇ. તેનો પતિ અમેરિકન વિચારધારાને કારણે તેને સ્વતંત્ર રીતે રહેવા અને કમાવા દેતો હતો પણ ઊંડે ઊંડે પહેલા ભારતીય સંસ્કારોની અધિકારની ભાવના ઉભરાઇને બહાર આવી જતા ત્યારે એ એની સાથે ઝઘડી પડતો.'

'અલકા મને પણ લાગે છે કે એની આ બંને વિચારધારાઓ વચ્ચે એ રીતે અટવાઇ ગઇ કે તેને કોઇ માર્ગ મળ્યો નહીં. એક તરફ પિતા પ્રત્યેની લાગણી અને પ્રેમને કારણે તે એમની વાત સ્વીકારી પોતાની કમાણી અહીં મોકલતી હતી. તો બીજી તરફ પતિને એમ લાગતું હતું કે આ તેની સાથે બેવફાઇ થઇ રહી છે.'

'ભાભી એનીની સાથે છેલ્લે તમારે કયારે વાત થયેલી?'

'તેના મૃત્યુના બે દિવસ પહેલાં એ કહેતી હતી કે તેનો પતિ વીક એન્ડમાં તેની કોઇ ગર્લફ્રેન્ડની સાથે ગયો છે. છેલ્લા એક વીકથી તેમની બંનેની વચ્ચે એકપણ વાર વાત થઇ ન હતી. હાં, તેણે ઇ-મેઇલ કરીને જણાવેલું કે અમેરિકામાં મંદી આવતાં તેની કંપનીએ એનીના પતિને નોકરીમાંથી હાંકી કાઢ્યો છે. તેથી તેણે એનીને તેની જોબ સેલેરી પપ્પાને નહીં મોકલવા રિક્વેસ્ટ કરી હતી. છતાં એનીએ તેની વાત નહીં માનતા બંને વચ્ચે જોરદાર ઝઘડો થયેલો. તે દિવસે એની ખુબ જ ટેન્શનમાં હતી. મને આ બધી વાત કરતાં કરતાં તે બે ત્રણ વખત રડી પડી હતી.'

'ભાભી મને લાગે છે કે, જો એનીના પતિની જોબ છુટી ગઇ હોય તો તેણે તેની સેલેરી અહીં મોકલવવી ન જોઇએ, વળી તેની એવી તે શું મજબુરી હતી કે તેણે તેના પતિનું કહેવું માન્યું નહીં.'

'એ જ તો વાત છે. અલકા તારા ભાઇએ તેના ઉપર એટલું બધું દબાણ વધારી દીધેલું કે એ બિચારી વિચારશૂન્ય બની ગયેલી.'

'પણ મોટા ભાઇએ એવું શું કામ કર્યું?' અલકાએ પૂછ્યું.

'એ મને કહેતા હતા કે અમેરિકામાં મંદી આવી છે. જમાઇની જોબ જતી રહી છે. દીકરીને કોઇ આશરો તો જોઇશે ને કાલે તેને કાઢી મુકે તો અહીં રહેવા કામ લાગે તે માટે એ એની પાસે ફ્લૅટ ખરીદીને બેઠા હતા.'

'તો શું થયું ફ્લૅટ માટે થોડી ઘણી મદદ એ પોતે પણ કરી શકે.'

'અલકા તું તો એવીને એવી જ ભોળી રહી. તારા ભાઇને તું ઓળખી શકી નથી. ચમડી જાય પણ દમડી ન જાય.' મેં તેમને કહેલું કે, આપણો આવડો મોટો કરોડનો બંગલો છે. પછી એની માટે ફ્લૅટ લેવા આટલા બધાં ધમપછાડાશું કામ કરો છો.'

'એ તો ભાઇએ દીકરા માટે બનાવ્યો છે.'

'જવા દે એ બધી વાત, બે નંબરની કાળી કમાણીમાંથી મળેલ ધન માણસને કયારેક સુખી થવા દેતું નથી. દીકરો વહુને લઇને ઑસ્ટ્રેલિયા ગયા પછી માંડ કયારેક ફોન કરે છે. એ હવે અહીં પાછો આવવાનો નથી.' આ ભૂત બંગલો મને તો ખાવા ધાય છે. પણ હું તો તને પુછતાં જ ભુલી ગઇ કે આમ અચાનક તું અહીં કયાંથી?

'ભાભી હું તો ભજનમાં જતી હતી, પેલાં બકોરબાને ઘેર આનંદનો ગરબો છે. મને થયું તમને સાથે લેતી જાઉં પણ અહીં આવી તો તમને રડતાં જોઇ બધું ભુલી ગઇ.'

'કાંઇ વાંધો નહીં ચાલ, હું તારી સાથે આવું છું. હવે તો ભગવાનનું નામ જ સાચું છે.' કહેતાં અનસુયા ઉભી થઇ. નણંદ ભોજાઇ બંને ભજનમાં જવા નીકળ્યાં.

**- vanvihari@gmail.com**

# શિક્ષક કભી સાધારણ નહિ હોતા...

## આશ્રમના ગુરૂ, કલાસરૂમનાં બ્લેક બોર્ડ-ચોક સ્ટીકના શિક્ષક આજે લેટેસ્ટ ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી સમાજમાં સર્વશ્રેષ્ઠ

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**

ચાણકયએ આપેલું ધારદાર વાકય, "શિક્ષક કભી સાધારણ નહિ હોતા..." અને ખરેખર જ શિક્ષક કયારેક સામાન્ય હોતાં જ નથી. દરેકની જિંદગીમાં શિક્ષક અલગ-અલગ તબક્કે આવે છે અને એ પૈકી બે-ચાર તો અવિસ્મરણીય બની જાય છે... બે-ચાર શિક્ષકોનાં સત્ય કિસ્સાઓ આજે શિક્ષક દિને એમને જ સમર્પિત કરીએ...

સરકારી પ્રાથમિક શાળા સે-૨૩માં એક અત્યંત રૂપાળા - ઊંચા બેન અંગ્રેજી ભણાવે નામ એમનું દેવીબેન, બાળકોમાં તે અત્યંત પ્રિય એટલાં માટે કે ટી.વી. - ઇન્ટરનેટ વગરનાં એ જમાનામાં અંગ્રેજી તો સૌને આકાળ-વિકળ લાગે... પણ દેવીબેન એમની મીઠી વાણીથી એટલું સુંદર ભણાવે અને ખાસ એટલે સ્પેલિંગ કે નિબંધની સ્પર્ધાઓ રાખે અને પછી સૌ બાળકોનો (મોટા ભાગના ગરીબ કે મધ્યમવર્ગના) ઉત્સાહ વધારવાં પેન્સિલ-રબ્બર પોતાના ખર્ચે મફતમાં આપે... એટલે એમનાં હાથ નીચે ભણેલા સહું બેઝિક અંગ્રેજી ખુબ સારૂં છે, સરકારી શાળામાં વિદ્યાર્થીઓને પ્રેમ આપી ભણાવી, જાત ઘસી પરિણામ




લાવનારાં આવાં શિક્ષકો કેટલાં??

ગાંધીનગરની પહેલી અને એક માત્ર માધ્યમિક શાળા સે-૧૬માં વિદ્યારથીઓની ખચાખચ ભરેલી રહેતી. એ વખતે એક વ્યાયામ શિક્ષક આવ્યાં, રમતને પ્રાધાન્ય અને શિસ્તના સખત હિમાયતી, પાન-ગુટખા-બીડી ગેટની અંદર લાવવાની વિદ્યાર્થી અને સ્ટાફને પણ મનાઇ... રમતમાં માધ્યમિકનાં મેદાનનો ખુણે-ખુણો ઉપયોગમાં લેવાતો (આજે આખું મેદાન બંજર છે) પ્રાર્થના કરાવે તો વિદ્યાર્થીઓ રાજી થઇ જાય... આજુબાજુના ગામમાં વિદ્યાર્થીઓ આવતાં, એક ગામમાં માથાભારે વિદ્યાર્થીએ આ સાહેબનાં ઘરે જઇ લલકાર્યા કહ્યું, "હિંમત હોય તો ઘ-૫ એ આવો તમને જોઇ લઇએ... સાહેબ ઘ-૫ પહોંચી એનો જ રામપુરી ચપ્પુ ઝૂંટવી એને બંધ કરી આપી દીધો... વિદ્યાર્થીઓ પગે પડી ગયા, પહેલાં એવા સાહેબ જોયાં જેમણે હિંમત બતાવી હોય, એ સાહેબનાં હાથ નીચે ભણેલાં વિદ્યાર્થીઓ આજેય આટલાં વર્ષે કયાંક રસ્તે મળે તો અવશ્ય ચરણ સ્પર્શ કરે છે..." વિદ્યાર્થીઓનાં ભલાઇમાં જ પોતાનું ભલું સમજતાં વ્યાયામ શિક્ષક થોરાત સાહેબને સલામ!!

ગાંધીનરની એકમાત્ર પ્રાઇવેટ સ્કૂલ સૅન્ટ ઝૅવિયર્સ હતી ત્યારે એમાં એક બાયોલોજીનાં મૅડમ ભણાવે, એ વખતે ગ્રુપ અલગ નહોતા, એટલે બારમાના રિઝલ્ટ પર મેડિકલમાં એડમીશન મળે... હજી થોડા મહિલા પહેલાં ગાંધીનગરનાં જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. અમીબેને એમનાં લગ્નની ૨૫મી વર્ષગાંઠ ઉજવી ત્યારે પેલાં એમનાં બાયોલોજીનાં શિક્ષિકાને ખાસ બોલાવ્યાં અને ત્યાં વિદ્યાર્થી - શિક્ષક વચ્ચેનાં જે ભાવવાહી દ્દશ્યો નિર્માયા એ જોઇ લગભગ શિક્ષકની સાથોસાથ સૌની આંખો ભિંજાઇ... ડૉ. સંજય શાહ જેવાં અગણિત વિદ્યાર્થીઓના જીવનમાં બાયોલોજી વિષય ભણાવી વર્ષોસુધી આદરણીય સ્થાન ધરાવનાર પ્રતિભા જોષી વાત્સલ્યની જાજરમાન મૂર્તિ લાગતાં હતા... ૩૫-૪૦ વર્ષનાં વહાણાં પછીય શિક્ષકનું સન્માન થાય એટલે શિક્ષક સમાજમાં કેવું મહત્ત્વ ધરાવે છે એ ધ્યાને આવે જ...

આજથી ૩૦ વર્ષ પહેલાં સે-૧૫માં સાયન્સ માટે ખાસ અલગ માધ્યમિક શાળા બની, દલસાણીયા, વૈષ્ણવ, મોઢા, ચનીયારા, પાઠક, એ.પી. પટેલ જેવાં વિષય નિષ્ણાંત સાહેબોનાં લૅકચરર ભરવાં વિદ્યાર્થીઓની કલાસરૂમ પૅક રહેતાં, સરકારી માધ્યમિકમાંથી એ સમયગાળામાં કદાચ મહત્તમ ડૉકટર - એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવતાં થયાં... આજે આ દરેક સાહેબો પોતાની સંસ્થા બનાવી સો ટકા પરિણામો અપાવે છે, પણ એ સરકારી નોકરીમાંય આપણને ડેડિકેશન બતાવી વિદ્યાર્થીઓ ભણાવ્યાં તેથી એમનું માન સન્માન આજેય વિદ્યાર્થીઓનાં હૃદયમાં યથાવત છે!!

અમદાવાદ એલ.ડી. એન્જિનીયરીંગનાં પ્રૉ. પટેલ એટલે મેથ્સનાં પર્યાય કહેવાતાં, ભણાવવાનું શરૂ કરે એટલે જાણે કોઇ સંત વ્યાખ્યાન આપે અને ભક્તો તલ્લીન થઇ જાય એમ જ... વર્ગનાં એક વિદ્યાર્થી હોય એક એકસો એમની ભણાવવાની એકાગ્રતામાં કોઇ ફેરફાર નહીં, દરેક વિદ્યાર્થીઓને સ્પષ્ટ સૂચના કે ભણવું હોય તો જ કલાસમાં આવવું, હાજરી પુરાવવા માટે નહીં, હાજરીની ચિંતા કરતાં નહીં એ હું બધાની ૮૦ ટકા કરી આપીશ... એક દિવસ સર કલાસમાં આવ્યાં અને આખો વર્ગ ખાલી, દસ મિનીટ બેઠાં પછી મનમાં શંકા ગઇ કે એવું બને કે આજે મારો પિરીયડ જ ના હોય, ફરી સ્ટાફ રૂમમાં જઇ ચૅક કરી આવ્યાં પણ તેઓ સાચાં હતા.. વ્યથિત થયેલાં સર કિટલીએ ચા પીવાં આવ્યાં તો એમનાં કલાસનાં ૨૫ વિદ્યાર્થીઓ ત્યાં હાજર હતા, સૌ ગભરાઇને ઊભાં થઇ ગયા...

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

**આજના દિવસનો મહિમા**
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૫મી સપ્ટેમ્બર**



- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ - ૧૮૮૮, ૫મી સપ્ટેમ્બર.

તત્ત્વજ્ઞાન-દર્શનશાસ્ત્રના જ્ઞાતા. ૧૯૬૨ સુધી ઉપરાષ્ટ્રપતિ ૧૯૬૭ સુધી રાષ્ટ્રપતિપદે રહ્યા. દિવસના સ્મરણમાં આજેય શિક્ષણદિનની ઉજવણી ૫મી સપ્ટેમ્બરે થાય છે.

- ૧૯૨૪ - મુંબઇથી અમદાવાદ જતાં ગાંધીજી સુરત ઉતર્યા.
- ૧૯૮૦ - ફિલ્મી ગાયક મોહમંદ રફીનું અવસાન

# થોડા સમયમાં વધારે મેળવવાની આપણી તાલાવેલી અને ઝંખનાએ આપણા હૈયાને સંવેદના વિહીન બનાવી દીધું છે

**પારિજાત**
**- રેખા ભટ્ટ**

**અંતર મમ વિકસિત રો, અંતરતર હે!**
**નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુંદર કહો હે!**
**- રવીન્દ્રનાથ ઠાકુર**

તમને કોઇની તકલીફની વાત સાંભળીને દુ:ખ થાય છે? કોઇની ખરાબ હાલત જોઇને દયા આવી જાય છે? તમારી નજીકની વ્યક્તિ બહારગામ જતી હોય કે તમારાથી દૂર જતી હોય તો રડવું આવી જાય છે? કંઇક વાત કરવાં જતાં અવાજ ભીનો થઇને ગળામાં ડૂમો ભરાઇ જાય છે? 'હા'!!! તો તમે 'આઉટ ડેટેડ' છો અને તમારા આવા વર્તનથી બીજાઓને ક્ષોભ થાય છે અને શરમ આવે છે. ભાવુકતા રાખવી એ શરમજનક છે. તમે 'સેન્ટી' કહેવાઓ છો. અને આ જમાનામાં 'સેન્ટી'? અરરર! કેવા માણસ કહેવાઓ? હજુ સુધર્યા નથી?

સુધરવું એટલે સંવેદના વગરનાં અને લાગણીશૂન્ય બની જવું. એવી વ્યાખ્યા છપાઇ નથી પણ રોજના વ્યવહારમાં આ 'વ્યાખ્યા' પ્રચલિત છે.

આપણે પ્રગતિશીલ - એજ્યુકેટેડ કહેવાઇએ - એમ વાતે વાતે ભાવુક બની જવું આપણને પોસાય નહીં અને એવું સારું પણ લાગે નહીં! કોઇ આપણા માટે કેવું વિચારે!

એટલે બીજાના દુ:ખે દુ:ખી થવાની વાત તો શક્ય જ નથી. આપણા પોતાના પ્રશ્નો ઓછા છે તે બીજાના ઝમેલામાં પડીએ? અને એમ થોડું આપણે કોઇનું જીવન બદલી શકવાનાં છીએ! હોય, જેવાં જેનાં કરમ! આપણે શું?

વર્ષો પહેલાં, જયારે અમે વેકેશનમાં કાકાનાં ઘરે કે મામાના ઘરે રહેવા જતાં ત્યારે, પાછા ઘરે જવાનું થાય ત્યારે લગભગ ઘરનાં બધાં બસ સ્ટેશને વળાવવાં આવતાં. કાકાના હાથમાં પાણી ભરેલી વટલોઇ હોય. બસ ઉપડવાની થાય તે પહેલાં સૌને પાણી પીવડાવે. અને બસ ચાલુ થાય ત્યારે સૌની આંખમાં આંસુ હોય. વિદાય લેનારને તો દુ:ખ થાય જ પણ વળાવવા આવેલાં પણ આંખો લૂછતાં હોય.

અત્યારે કોઇને સ્મશાને બાળવા જતાં પણ આંખમાં આંસુ આવતાં નથી. મગજમાં ગડમથલ ચાલતી હોય. ચાલુ દિવસે સ્મશાનમાં આવવા કેટલું યે 'એડજેસ્ટ' કર્યું હોય.

એવો જ કરૂણ પ્રસંગ છે કન્યા વિદાય. એવાં કેટલાંયે કન્યા વિદાયનાં ગીતો રચાયાં છે કે માત્ર સાંભળીએ તો પણ આપણી આંખમાં આંસુ આવી જાય. કન્યા વિદાય થાય એટલે મા-બાપ, સગાં-વહાલાં તો હાજર હોય. પણ ગામની દરેક વ્યક્તિને મળીને કન્યા વિદાય લેતી હોય. હવે કન્યાવિદાય વખતે ખુબ રડ્યું નહીં તે 'લેટેસ્ટ ટ્રેન્ડ'છે. કેમ કે, હૉલમાં તરત જ બીજા લગ્ન હોવાથી ખાલી કરવાનો છે અને આપણે પણ બીજા રીસેપ્શનમાં જયાં તરત જ નીકળી જવું છે.

થોડા સમયમાં વધારે મેળવવાની આપણી તાલાવેલી અને ઝંખનાએ આપણા હૈયાને સંવેદના વિહીન બનાવી દીધું છે. ગમે તેવી હૃદયદ્રાવક ઘટના બને કે અકસ્માતો સર્જાય કે આતંકવાદી હુમલાઓ થાય પણ આપણું રૂંવાડુંએ ફરકતું નથી.

કોઇ પણ સમસ્યા આવે તો જરાક થંભીને જોઇ લઇએ છીએ કે, "મને લાગતું વળગતું તો નથી ને?" આપણી નિસ્બતનું વર્તુળ નાનું-નાનું થતું જાય છે અને કદાચ આપણી જાતની આજુબાજુ જ રચાઇ જાય છે. કોઇ પણ ઘટના બને ત્યારે દોડી જવાની આપણી તૈયારી નથી, આપણે ઘણાં કામ છે.

હૃદય, આપણા શરીરમાં સતત ધબકે છે ખરું પણ એ તો શરીરના બધા જ કોષોને લોહી અને ઓક્સિજન પુરો પાડવા માટે. સંવેદનાથી ધબકતું હૃદય મળવું મુશ્કેલ છે.

આ વાતનાં સંદર્ભમાં આઇ. કે. વીજળીવાળાની એક નાનકડી વાર્તા અહીં પ્રસ્તુત છે.

એક નાનકડા ગામનાં દરિયા કિનારે સૌ એકઠાં થયાં હતા. દરિયે થયેલા તોફાનમાં અટવાઇ ગયેલાંને બચાવવા માટે. એક હોડીમાં કેટલાક જુવાનિયા મધદરિયે જઇને માછીમારોને બચાવી લાવે છે. પણ એમાં હજુ થોડાક માછીમારો લાપતા છે. એટલે સાહસિક જુવાનિયાં બીજી વાર હોડી લઇને જવા નીકળે છે.

એ વખત એક મા પોતાના દીકરીને વારે છે અને કહે છે, "બેટા, તું ના જતો, હવે તું જ મારો એકમાત્ર સહારો છે." પણ દીકરો - 'મા, ચિંતા ના કરીશ હું બીજાને બચાવવા જાઉં છું.' કહીને નીકળી પડે છે.

થોડાક સમય પછી બચાવ ટુકડી હોડીમાં બીજા માછીમારોને બચાવીને પરત ફરે છે. કિનારે, ઉભેલા પૂછપરછ કરે છે, "બધા હેમખેમ તો છે ને? ત્યારે હોડીમાંથી પેલા છોકરાની બૂમ સંભળાય છે." કોઇ મારી માને સમાચાર આપો કે બચાવેલા માછીમારોમાં મારો ભાઇ પણ છે અને સલામત છે."

મોટે ભાગે, બીજાને મદદરૂપ થવા નીકળેલા આપણે ખરેખર તો આપણને જ મદદ કરીએ છીએ. એ હકીકત છે અને સંવેદનશીલ હોવું એ અવગુણ નથી પણ 'સદ્‌ગુણ' છે. એ આપણને કયારે સમજાશે?

**"કીસી કી મુસ્કરાહટોં પે હોં નિસાર**
**કીસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર,**
**જીના ઈસીકા નામ હૈ."**